ડિસેમ્બર ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## આળસ



**અક્રમ એક્સપ્રેસ**
તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : ૪
સળંગ અંક : ૭૬
ડિસેમ્બર ૨૦૧૪

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-
૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

**Printed & Published by**
Dimple Mehta on behalf of Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printed at**
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI, Usmanpura, Ahmedabad-14.

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# અનુક્રમણિકા

૩ જ્ઞાનીઓ કહે છે...
૪ આ તો નવી જ વાત
૬ કલ કરે સો આજ કર...
૧૦ ખજાનો
૧૪ ચાલો રમીએ...
૧૫ તમારી જાતને ચકાસી જુઓ!
૧૬ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૮ મીઠી યાદેં

# આળસ

## સંપાદકીય

બાળમિત્રો,

આપણને અનુભવ છે જ કે રોજ સવારે વહેલા ઊઠવાનું આવે તો આળસ આવે, કામ કરવાની આળસ આવે, ટાઈમ પર હોમવર્ક પૂરું કરવાની આળસ આવે. જે જે બાબતમાં આળસ આવે તેમાં કંટાળો એની પાછળ પાછળ ઓટોમેટિક આવે જ.

શું તમને ખબર છે કે આળસના પરિણામ કેવા આવે છે? આળસુ લોકો કોઈને ગમતા નથી હોતા. તેઓ ક્યારેય જીવનમાં પ્રગતિ કરી શકતા નથી.

પણ ગભરાવાની જરૂર નથી. આળસને ખંખેરવી એ કંઈ બહુ મુશ્કેલ વાત નથી. એના માટે માત્ર સાચી સમજણની જ જરૂર છે.

તો આવો, આ અંક દ્વારા પરમ પૂજ્ય દાદાશ્રી પાસેથી આળસના પરિણામો અને એમાંથી બહાર નીકળવાની ચાવીઓ મેળવીએ અને આળસને ખંખેરીને દૂર કરી નાખીએ.

-ડિમ્પલ મહેતા

# જ્ઞાનીઓ કહે છે...

***પ્રશ્નકર્તા :*** મારાથી આળસ બહુ થઈ જાય છે. મને એ સમજાવો કે આળસ કરવાથી શું શું નુકસાન થાય છે ? અને એમાંથી બહાર નીકળવાનો રસ્તો પણ બતાવો.

***દીપકભાઈ :*** રવિવારનો દિવસ હોય ને રોજ આપણે સાત વાગે ઊઠતા હોઈએ અને એ દિવસે થાય કે આજે તો આઠ વાગ્યા સુધી ઉઠવું જ નથી. તો ઊઠવું પડે ખરું ? ટોયલેટ બાથરૂમ જવું પડે, ભૂખ લાગે તો ના ઊઠવુ પડે ?

***પ્રશ્નકર્તા:*** ઊઠવું પડે.

***દીપકભાઈ:*** તો કલાક પછી જે કરવાનું છે, એ કલાક પહેલા કરવામાં વાંધો શું ? આળસ કરનારને તો મોક્ષની ટ્રેન આવી હોય તોય થાય કે કલાક પછી જાઉં છું, તો ટ્રેન ઉપડી જાય. એટલે આળસ તો જિંદગીમાં સાવ નકામી છે. આળસ કરવાથી આપણે જીવનમાં ભેગી થતી સારી સારી તક પણ ગુમાવી દઈએ. એટલે આપણે એક વાર જાગ્યા પછી ઊંઘવાનું નહી, આળસ નહીં કરવાની. ફક્ત જાગવામાં જ નહી, એવા કોઈ પણ કામમાં આળસ નહીં કરવાની. ખાવામાં આળસ થાય છે ? ટી.વી જોવું હોય તો આળસ થાય કે આ ક્યાં જોવાનું, એવો કંટાળો આવે ? નવા નવા બુટ પહેરવાના હોય કે મમ્મી-પપ્પા સાથે ફરવા જવાનું હોય તો આળસ થાય કે આજે હું નહીં આવુ, મને બહુ આળસ થાય છે ?


***પ્રશ્નકર્તા :*** ના, એમાં ના થાય.

***દીપકભાઈ :*** હં, એટલે આળસમાં આપણે 'ગમતા-ના ગમતા'ના ભાગ પાડ્યા છે. એટલે આળસ કરવાને બદલે જે સમયે જે સંજોગ આવ્યા તે આળસ કર્યા વગર પૂરા કરવાના. આપણે નક્કી કરવાનું કે આળસ કરવી નથી. ટી.વી જોવામાં આળસ કરતા નથી, તો ભણવામાં કેમ આળસ કરીએ ? ખાવામાં આળસ કરતા નથી તો મમ્મી કંઈ કામ સોંપે તો કેમ આળસ કરીએ ? રમવા જવામાં આળસ નથી કરતા તો, ઊઠવામાં કેમ આળસ કરીએ ? જે આળસ ના કરે તે ઘણા બધા કામ વધારે કરી શકે. આળસુના કામમાં ક્યારેય બરકત ના આવે માટે આળસ ક્યારેય નહીં કરવાની.





# આ તો નવી



આળસ કરનારને બહુ ટેન્શન ઊભા થઈ જાય. દા.ત. ભણવામાં આળસ કરી હોય તો પરીક્ષા વખતે કેટલું ટેન્શન આવે જેમ કે આવડશે કે નહીં, બરાબર લખાશે કે નહીં.

*ન્હાયા પછી માણસ કેવો લાગે છે ? આળસ એની જતી રહેને ? એવી રીતે સત્સંગથી બધી આળસ છૂટી જાય.*





*'કામ નથી કરવું' એમ બોલે, પછી આળસ આવી જાય. એની મેળે જ આળસ આવે અને 'કરવુ છે' કહે તો આળસ બધું ક્યાંય જતું રહે. 'કરવું છે' બોલે કે પાછો હોશિયાર થઈ જાય, ઊંઘ આવતી હોય તોય ઉડાડી દે હડહડાટ.*


# જ વાત !

બે જાતના લોક હોય છે. એક કામમાં આળસ કરે એવા અને બીજા કામમાં રઘવાટ કરે એવા. બન્નેમાં ભલીવાર ના આવે. 'નોર્માલિટી'માં રહે એ સારું. દા.ત.: સવારે આઠ વાગે ક્યાંક પહોચવાનું હોય તો, આળસું સાડા સાત વાગ્યા સુધી પથારીમાંથી ઊઠે જ નહીં અને રઘવાટીયો ચાર વાગ્યાનો ઊઠીને ધમાલ કરે. બેઉમાં ભલીવાર ના કહેવાય. છ-સાડા છ સુધીમાં ઊઠીને સમયસર તૈયાર થઈ જાય, એને નોર્માલિટી કહેવાય.





શક્તિ તો છે પણ અણસમજણને કારણે શક્તિનો ઉપયોગ ઊંધો થાય છે. દા.ત. નિયમસર ભણવાની આપણને આળસ આવતી હોય છે પણ નિયમસર કોઈ ટી.વી. કાર્યક્રમ રોજ જોતા હોઈએ છીએ, તો નિયમ પાળવાની શક્તિ તો આપણી પાસે છે. પણ અણસમજણને કારણે એ શક્તિ આપણે ભણવાને બદલે ટી.વી. જોવામાં વાપરીએ છીએ.



# કલ કરે સો આજ કર...

"મમ્મી.. હું મિત્રો સાથે સામેના મેદાનમાં રમવા જાઉં છું. આજે બપોરે 'એ' વિંગની ટીમ સાથે અમારી ક્રિકેટ મેચ છે." ચોથા ધોરણમાં અભ્યાસ કરતા પાર્થે રીમાબેનને કહ્યું.

"પાર્થ, હમણા જ તો તું બહારથી આવ્યો છે! આખો દિવસ તડકામાં રખડીશ તો બીમાર પડીશ. થોડીવાર શાંતિથી ઘરે બેસને, બેટા." રસોડામાંથી રીમાબેને પાર્થને ટકોર કરી, "અને તારે નિબંધ લખવાનો હતો, એનું શું થયું ? આવતી કાલે નિબંધ પહોંચાડવાની અંતિમ તારીખ છે."

"પણ મમ્મી, આખું વર્ષ ભણ ભણ કર્યું છે, હવે સમર વેકેશનમાં તો થોડું રમવા દે," પાર્થે દલીલ કરી, "આજે સાંજે મેચ પછી પહેલું કામ એ જ કરીશ. કાલે સ્કૂલમાં નિબંધ ચોક્કસ પહોંચાડી દઈશ." પાર્થે જવાબ આપ્યો.

"બેટા, કાલ કાલ કરતા બે અઠવાડિયા થઈ ગયા અને કાલે છેલ્લો દિવસ છે. તારે જ સ્પર્ધામાં સિલેક્ટ થઈ અજંતા-ઈલોરા જવું હતું. કાલ-કાલ કરતા બહુ મોડું ના થઈ જાય!" રીમાબેને પાર્થને ચેતવણી આપી.

પાર્થ ભણવામાં ખૂબ જ હોશિયાર હતો. પણ સાથે સાથે આળસુ પણ એટલો જ હતો. છેલ્લી ઘડી સુધી કામ ન પતાવવું અને બહાના કાઢી, આજનું કામ કાલ પર ઠેલવાની એને ખરાબ ટેવ હતી. તેની આ આદતથી રીમાબેન ખૂબ પરેશાન હતાં. હોશિયાર અને બુદ્ધિશાળી હોવા છતાં, પોતાની આળસના કારણે પાર્થ પોતાનો અભ્યાસ બગાડતો. રીમાબેનને ડર હતો કે આ આળસને કારણે પાર્થને ભવિષ્યમાં કોઈ મોટી તક ગુમાવવી ના પડે.

ગયા અઠવાડિયે અંતર રાજ્ય નિબંધ સ્પર્ધા માટે સ્કૂલમાંથી જે ત્રણ બાળકોને શોર્ટલિસ્ટ કર્યા હતા, એમાં પાર્થનો પણ સમાવેશ હતો. ત્રણેય બાળકોએ બે અઠવાડિયાની અંદર દર્શાવેલા વિષય પર નિંબધ લખી, અંતિમ સિલેક્શન માટે મોકલવાનો હતો. રાજ્યભરમાંથી જે ૨૦ વિદ્યાર્થીઓનું સિલેક્શન થાય, એમને આવતા મહીને ૪ દિવસ અજંતા-ઈલોરાની ટુર અને ત્યાં નિબંધ લખવાની તાલીમ લેવાની તક મળવાની હતી. તેમજ વિજેતા બાળકોના નિબંધને ઈન્ટરનેટ ઉપર મૂકી તેમને સર્ટિફિકેટ પણ મળવાના હતા.

અજંતા-ઈલોરા જવાની વાત સાંભળી પાર્થે ખૂબ જ ઉત્સાહથી સ્પર્ધામાં ભાગ લીધો. તેમ છતાય પોતાની આળસ અને આવતી કાલ પર કામ ઠેલવાની વૃત્તિ ને કારણે કાલ કાલ કરતા નિબંધ મોકલવાનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો હતો.

"મમ્મી, આજની મેચ બહુ જ અગત્યની છે. સાંજે પાછો આવીને નિબંધ પૂરો કરી દઈશ, પ્રોમિસ ! આપણે કાલે જરૂરથી નિબંધ મોકલાવી દઈશું." એમ કહી, મમ્મી કંઈ બોલે એ પહેલા જ પાર્થ બહાર દોડી ગયો. રીમાબેન પણ રસોડામાં પોતાના કામે લાગી ગયા.

થોડા સમય પછી, રસોડામાં કામ પરવારી રીમાબેન સોફા પર આવી બેઠા. હાથમાં છાપું લીધું ત્યાં તો ડોરબેલ વાગી.

જોયું તો બિલ્ડીંગમાં રહેતા ડોક્ટર જોશી પાર્થનો હાથ પકડીને ઊભેલા હતા. બિલ્ડીંગના અન્ય છોકરાઓ પણ પાર્થ સાથે હતા. પાર્થના જમણા હાથમાં પ્લાસ્ટર જોઈને રીમાબેનને આંચકો લાગ્યો.

"આ શું થયું ?" ગભરાયેલા અવાજે રીમાબેને પૂછ્યું.

"આંટી, ક્રિકેટ રમતા પાર્થ મેદાનમાં લપસી પડ્યો. અમે એને તરત ડોક્ટર જોશી પાસે લઈ ગયા." પાર્થના મિત્રે જવાબ આપ્યો.

"રીમાબેન, ડરવાની કંઈ જરૂર નથી. પાર્થને જમણા હાથની ત્રણ આંગળીયોમાં ફ્રેક્ચર થયું છે. મેં પ્લાસ્ટર કરી આપ્યું છે, અને આ એના માટે થોડી દવાઓ છે." ડોક્ટર જોશીએ રીમાબેનના હાથમાં દવાની એક પડીકી આપતા કહ્યું, "દર અઠવાડિએ પ્લાસ્ટર ચેન્જ કરવું પડશે. એકાદ મહિનામાં પ્લાસ્ટર કાઢી નાખીશું."

વધુ ઉમેરતા, ડોક્ટર જોશીએ પાર્થને કહ્યું, "અને લીટલ માસ્ટર, જ્યાં સુધી આ પ્લાસ્ટર ખોલાવામાં ન આવે ત્યાં સુધી તારે પેન પણ પકડવાની નથી."

"થેંક-યુ સો મચ ડોક્ટર, અને બાળકો તમને પણ થેંક-યુ" રીમાબેને સહુનો આભાર માન્યો અને આગ્રહપૂર્વક સહુને ગરમ નાસ્તો કરાવ્યો.

સહુએ વિદાય લીધી એટલે રીમાબેન પાર્થ પાસે આવીને બેઠા. જમણા હાથના પ્લાસ્ટર ઉપર રીમાબેને હળવેથી હાથ ફેરવ્યો. "બેટા, ચિંતા ના કર, આ તો કંઈ નથી વાગ્યું. મટી જશે."

"મમ્મી... પણ મને બહુ દુખે છે." પાર્થની આંખોમાં પાણી ભરાઈ ગયું."



"મમ્મી... પણ મને બહુ દુખે છે." પાર્થની આંખોમાં પાણી ભરાઈ ગયું.

રીમાબેને પાર્થના હાથ પર ધીરેથી ફૂંક મારી અને બોલ્યા, "હે ભગવાન, મારા પાર્થને જલ્દી મટાડી દેજો." આ સાંભળી પાર્થના મોઢા પર હલકું સ્મિત આવ્યું. મમ્મીના ખોળામાં માથું મૂકીને એ સોફા પર જ લાંબો થઈ ગયો, "મમ્મી, કેટલા દિવસોથી તારી પાસેથી કોઈ વાર્તા નથી સાંભળી. કોઈ વાર્તા કહે ને."

"શું વાત છે, આજે મારા દિકરાને વાર્તા સાંભળવી છે !" હસીને રીમાબહેન બોલ્યા. થોડી ક્ષણો વિચારીને કહ્યું, "તો સાંભળ,"

'એક હતા ગુરૂ. નામ એમનું અમરદાસ. નદી કિનારે એમનો આશ્રમ. એમને દસ શિષ્યો હતા. એકવાર ગુરૂએ એમના એક શિષ્ય અનિરુદ્ધને બોલાવીને કહ્યું "આશ્રમની બહાર જઈને સાંજ સુધીમાં બળતણ માટે થોડા લાકડા લઈ આવ."

અનિરુદ્ધ ગુરૂની આજ્ઞા અનુસાર વનમાં લાકડા લેવા પહોંચી ગયો. એને રસ્તામાં એક મોટું વૃક્ષ દેખાયું. વૃક્ષ પર કોઈ પાંદડા ન હતા. મૃત વૃક્ષને જોઈને અનિરુદ્ધ ખુશ થઈ ગયો. એણે વિચાર્યું 'બળતણ માટે આ વૃક્ષ બરાબર લાગે છે. હું કેટલો નસીબદાર છું. હવે, ઉતાવળ કરવાની શી જરૂર છે ? થોડો આરામ કરી લઉં, પછી બપોરે નિરાંતે લાકડા કાપીશ.' એમ આળસ કરી એ ઝાડ નીચે આડો પડ્યો. થોડીવારમાં જ એની આંખ લાગી ગઈ, અને તે ઘસઘસાટ ઊંઘી ગયો.

અનિરુદ્ધની આંખ ખુલી ત્યાં તો સાંજ પડી ગઈ હતી અને આશ્રમે પાછા જવાનો સમય પણ થઈ ગયો હતો. ઊઠીને ફટાફટ એને વૃક્ષની ડાળીઓ કાપવાનું ચાલું કર્યું. આ શું ! જોયુ તો શાખાઓ પુરેપુરી સુકાઈ નહોતી. જેમ તેમ થોડી લીલી શાખાઓ એકઠી કરી અનિરુદ્ધ આશ્રમે પહોંચી ગયો.

બીજા દિવસે બધા શિષ્યોએ વહેલી સવારે બાજુના ગામમાં એક ધાર્મિક પ્રવૃત્તિમાં ભાગ લેવા જવાનું હતું. સવારે નાસ્તો બનાવવા જ્યારે એક શિષ્યે



" એકવાર ગુરૂએ એમના એક શિષ્ય અનિરુદ્ધને બોલાવીને કહ્યું "આશ્રમની બહાર જઈને સાંજ સુધીમાં બળતણ માટે થોડા લાકડા લઈ આવ."

બળતણમાં આગ ફૂંકવાનું ચાલું કર્યું તો જોયું કે લાકડા કેમેય ન સળગે. શાખાઓ લીલી હોવાને કારણે તે બળતણ માટે ઉપયોગી ન હતી. છેવટે બધા શિષ્યોએ ખાધા વગર જ નીકળવું પડ્યું. ભૂખ્યા પેટે, પ્રવૃત્તિમાં કોઈની એકાગ્રતા રહી નહીં, અને અનિરુદ્ધ સહુના રોષ અને અકળામણનો નિમિત્ત બન્યો.

"ઓહ નો ! અફસોસ સાથે પાર્થ બોલ્યો, "આળસ કર્યા વગર જો અનિરુદ્ધ લાકડાની યોગ્ય તપાસ કરી હોત તો આવું ના થાત."

"સાચી વાત, બેટા," રીમાબેને પાર્થના માથામાં હાથ ફેરવતા કહ્યું, "તો, આ વાર્તાનો સાર શું છે, કહે જો મને?"

"કે ક્યારેય પણ આળસુ ન બનો. હમણાનું કામ હમણા જ પતાવો. પછી ઉપર ન રાખો." ધીમા અવાજે પાર્થે જવાબ આપ્યો. અને પછી પોતાની ભૂલનો પસ્તાવો વ્યક્ત કરતા પાર્થ બોલ્યો, "મમ્મી, એવી જ રીતે મારી આળસને કારણે હવે હું સ્પર્ધા માટે કાલે નિબંધ નહીં મોકલી શકું અને મને અજંતા-ઈલોરા જવાનો ચાન્સ પણ નહીં મળે."

"બેટા, હું પપ્પાને કહીશ. તેઓ આપણને અજંટા-ઈલોરા લઈ જશે. નિબંધ સ્પર્ધા માટે તું આવતા વર્ષે ખૂબ મહેનત કરી સ્પર્ધામાં પહેલો નંબર લાવવાનો પ્રયત્ન કરજે," એમ કહી રીનાબેને બેઉ હથેળીથી પાર્થનો ચહેરો પકડીને, તેનું કપાળ પ્રેમથી ચૂમી લીધું.




"મમ્મી, એવી જ રીતે મારી આળસને કારણે હવે હું સ્પર્ધા માટે કાલે નિબંધ નહીં મોકલી શકું અને મને અજંતા-ઈલોરા જવાનો ચાન્સ પણ નહીં મળે."


# ખજાનો


ચિન્ટુ, બેટા મને થોડી મદદ કર તો.
બાપુ, તમે જોતા નથી કે હું સૂઈ રહ્યો છું ? ઊઠીશ ત્યારે મદદ કરીશ.
થોડી વાર રહીને,
દીકરા, હવે તો થોડી મદદ કર.
પણ બાપુ, મદનીયો મારી વાટ જોતો હશે. હું એની સાથે વાડીમાં રમવા જઉં છું.
આમ ચિન્ટુ પાસે હંમેશા કોઈ બહાનું રહેતું. કામ કરવામાં એને ખૂબ આળસ આવતી.
એકવાર નાથુ કાકાના જૂના મિત્ર સોમભાઈ એમની સાથે થોડા દિવસ રહેવા આવ્યા.
સોમ, ઉંમરના કારણે મારાથી હવે ખેતરમાં બહુ કામ થતું નથી. પણ આ ચિન્ટુડો તો આળસુનો પીર છે. મને જરાય પણ મદદ કરતો નથી. આખો દિવસ રખડી ખાય છે. શું કરું કંઈ સમજાતું જ નથી.



તું ચિંતા ના કર નાથુ. એની આળસ ખંખેરવાનું કામ તું મારા પર છોડી દે.
એક સાંજે,
ચિન્ટુ, ધાર કે કોઈ બેંક તારા ખાતામાં રોજ સવારે ૮૬,૪૦૦ રૂપિયા જમા કરે, પણ રાત પડે તારી બચેલી રકમ રદ કરી નાખે તો તું શું કરે ?
આ કંઈ પૂછવાની વાત છે કાકા ? બધી રકમ ઉપાડી લઉં અને વાપરી કાઢું.
દીકરા, આપણા બધા પાસે 'સમય' નામની આ બેંક છે, જે રોજ સવારે આપણને ૮૬,૪૦૦ સેકંડ આપે છે, આપણે એ સમય આળસમાં વેડફી કાઢીએ, તો નુકસાન આપણું જ છે.
ચિન્ટુ પર સોમકાકાની વાતની કોઈ અસર થઈ નહીં,
થોડા દિવસ રહીને સોમકાકાએ એક નવી યુક્તિ કરી.
ચિન્ટુ, જલદી અહીંયા આવ. મને એક ખજાનાનો નકશો મળ્યો છે.
ખજાનાનું નામ સાંભળી ચિન્ટુ સોમકાકા પાસે દોડ્યો.
તારા બાપુના ઓરડામાંથી મને આ નકશો મળ્યો. આ નકશા અનુસાર તારા બાપુના ખેતરમાં ૧૦૦ ચાંદીના સિક્કા દટાયેલા છે.


ખજાનો મેળવવાની ઉત્સુકતાથી, ચિન્ટુ પાવડો લઈને ખેતરે દોડ્યો. આ જોઈ ચિન્ટુના બાપુ નાથુકાકાને નવાઈ લાગી.
નાથુ, ચિન્ટુને કામ કરવાની આળસ છે. હરવા-ફરવા કે પૈસા વાપરવાની આળસ નથી. ખજાનો મેળવવા માટે તો એ ખોદકામ કરશે જ.
ખેતર પાસે જઈને સોમકાકા એ ચિન્ટુને બુમ પાડી.
અરે ઓ ચિન્ટુ, ખેતરમાં થોડું પાણી છાંટીશ તો તને ખોદવામાં સહેલાઈ રહેશે.
ચિન્ટુએ તરત સોમકાકાની વાત માની લીધી. આવતા જતા લોકોને કોઈ શંકા ના પડે, એટલે એણે ખેતરમાં થોડું છાણ પણ વિખેર્યું.
બપોરે સોમકાકા અને ચિન્ટુના બાપુ ખેતરે ગયા. ચિન્ટુ મહેનતથી ખેતર ખેડી રહ્યો હતો.


સોમકાકાએ ખેતરમાં કોઈ બારીક ભૂકી ભભરાવી. આખુ ખેતર ખેડ્યા પછી, પણ જ્યારે ચિન્ટુને ખજાનો ના મળ્યો, ત્યારે એ ખૂબ અકળાઈ ગયો.
આ લો તમારો નકશો ! તમારો ખજાનો તમને મુબારક !
અને ફરી પાછો ચિન્ટુ આળસુ બની ગયો. પહેલાની જેમ કામધામ છોડીને સમય વેડફવા લાગ્યો.
ચિન્ટુ, ઓ ચિન્ટુડા, અહીંયા આવ, આ જો !
બાપુ, હું રમું છું.
પણ દીકરા, તારું ખેતર ખજાનાથી ભરાઈ ગયું છે.
ખજાનાનું નામ સાંભળી ચિન્ટુ એના બાપુ પાસે દોડ્યો. ખેતરમાં લીલીછમ શાકભાજી ઉગેલી.
બાપુ, ખજાનો ક્યાં છે ? આ તો શાકભાજી છે !
અરે દીકરા, તું તારા એ જ ખજાનાને જોઈ રહ્યો છે, જે ખેતરમાં દટાયેલો હતો. આ શાકભાજીને તું બજારમાં વેચીશ, તો તને ૧૦૦ ચાંદીના સિક્કા મળશે.
આ સાંભળી ચિન્ટુને મહેનતરૂપી ખજાનાની ઓળખાણ પડી. તે દિવસે ચિન્ટુએ આળસરૂપી દુશ્મનને કાયમ માટે અલવિદા આપી અને મહેનતરૂપી હિતેચ્છુને હંમેશ માટે પોતાની પાસે સાચવી રાખ્યો !

# તમારી જાતને ચકાસી જુઓ

**નીચે વર્ણવેલા વિવિધ પ્રસંગોમાં પપલુએ આપેલા જવાબોને આળસ કરી કહેવાય કે ન કહેવાય એ ‘હા’ કે ‘ના’ બાજુના ખાનામાં લખોઃ**

મમ્મીઃ બેટા, ઊઠ સાત વાગી ગયા છે. સ્કૂલે જવામાં મોડું થશે.
પપલુઃ મમ્મી, બસ પાંચ મિનિટમાં ઊઠું છું. મને બહુ ઊંઘ આવે છે.

મમ્મીઃ ટીવી બંધ કર અને ભણવા બેસ. અડધો કલાક જોવાનું કહીને, તું કલાકથી જોઈ રહ્યો છે.
પપલુઃ સોરી મમ્મી, મારું ધ્યાન જ ન રહ્યું. હું હમણા જ ટીવી બંધ કરીને ભણવા બેસું છું.

મમ્મીઃ ઊઠ બેટા, સૂતા પેલા બ્રશ કરી લે, નહીં તો દાંત સડી જશે.
પપલુઃ મમ્મી, હું આજે બહુ થાકી ગયો છું, કાલે સવારે જલ્દી ઊઠીને હું બ્રશ કરી લઈશ.


મમ્મીઃ પપલુ બેટા, ચાલ હવે ઘરમાં આવ. બધું હોમવર્ક બાકી છે.
પપલુઃ મમ્મી, આ એક ગેમ પૂરી થવા દે. જેવી પૂરી થશે એવો હું તરત હોમવર્ક કરવા બેસી જઈશ.

પાડોશી : પપલું બેટા, અંકલ ઘરની ચાવી ભૂલી ગયા છે. એમને નીચે ચાવી આપીને આવીશ ?
પપલુઃ હા આંટી, હું હમણાં દોડીને અંકલને ચાવી આપી આવું.

મમ્મીઃ પપલુ, રાતના દસ વાગી ગયા છે. સ્કૂલ બેગ તૈયાર કરી લે.
પપલુઃ મમ્મી, કાલે સવારે કરી દઈશ.

# ચાલો રમીએ...

**૧.** = ની ડાબી બાજુમાંથી એક દિવાસળી હલાવીને જમણીબાજુ મૂકો અને બંને બાજુનો જવાબ એક સરખો કરો.




**૨.**
ટ
પ
કાં
જો
ડો.




**અડાલજ જ્ઞાનમંદિર (ગુરૂકુળ) માં ધો. ૬, ૭, ૮ માં પ્રવેશ મેળવવા માટે**



જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાન થકી પોતાના દીકરાઓમાં સંસ્કાર સિંચન થાય તેવું ઈચ્છતા માતા-પિતાઓએ પોતાના દીકરાના ઈન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ) માં તા. ૨૫ ડીસેમ્બર-૨૦૧૪ સુધીમાં ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફક્ત ધો. ૬, ૭, અને ૮ ગુજરાતી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિધાર્થીઓ માટે જ થશે. વધુ માહિતી માટે બાજુમાં જણાવેલ ફોન પર સંપર્ક કરવો.

સમય :-
સવારે - ૯.30 થી ૧૨.30
તથા
બપોરે - 3.30 થી ૬.30
ફોન - (૦૭૯) ૩૯૮૩૦૦૩૨,
મો. - ૯૯૨૪૩૪૪૮૯૧.



# ઐતિહાસિક ગૌરવગાથા

રાજગૃહી નગરીમાં ગોભદ્ર નામના શેઠ રહેતા હતા. તેમને ભદ્રા નામની પત્ની અને શાલિભદ્ર નામનો પુત્ર હતો. ગોભદ્ર શેઠની સંપત્તિની ગણતરી થઈ શકે તેમ નહોતી. શાલિભદ્ર, એમનો એકનો એક પુત્ર હોવાથી તેમણે એને ખૂબ લાડકોડમાં ઉછેર્યો હતો. અત્યંત સુખમાં ઉછરેલો હોવાથી એ દુનિયાદારીથી સાવ અજાણ હતો. ૩૨ રાજકુમારીઓ સાથે એના વિવાહ થયા હતા. એ તો જાણે પૃથ્વી ઉપર સ્વર્ગનું સુખ ભોગવતો હતો ! શાલિભદ્રના સ્વર્ગીય સુખની લોકો ઈર્ષા કરતા.

કાળક્રમે ગોભદ્ર શેઠ અવસાન પામ્યા અને માતા ભદ્રાના હાથમાં બધો કારભાર આવ્યો.

એક વખત કોઈ પરદેશી વેપારી શ્રેણિક રાજા પાસે રત્નકંબળ વેચવા આવ્યા. પરંતુ તેની કિંમત અતિ વિશેષ હોવાથી રાજા શ્રેણિકે તે ખરીદ્યા નહીં. મગધ જેવા રાજ્યના રાજા પણ આવી

ચીજને અતિમૂલ્યવાન ધારી ન ખરીદી શક્યા, તેથી નિરાશ થઈને તે વેપારી નગરમાં ફરતા ફરતા ભદ્રા શેઠાણીના મકાન પાસે આવી પહોંચ્યા. શેઠાણીએ તેમના બધા જ કંબળ તેમની મોં માંગી કિંમતે ખરીદી લીધા.

આ વાત શ્રેણિક મહારાજાની પત્ની, ચેલ્લણા રાણીના કાને પડી. એટલે તેમણે શ્રેણિક રાજાને, પોતાને માટે ગમે તે મૂલ્યે પણ એક રત્નકંબલ ખરીદી આપવાનો આગ્રહ કર્યો. રાજાએ વેપારીને પાછો બોલાવ્યો પણ એમને જાણવા મળ્યું કે બધાં જ કંબળ ભદ્રા શેઠાણીએ ખરીદી લીધા હતા. એટલે રાજાનો સેવક શાલિભદ્ર શેઠની હવેલીએ આવ્યો અને એક કંબળની રાજાજીની માંગણી રજુ કરી. આ સાંભળી, ભદ્રા શેઠાણી નમ્રતાથી બોલ્યા, "અરે, તમે થોડા જ મોડા પડ્યા. એ રત્નકંબળના તો મારી પુત્રવધુઓએ પગલૂછણિયા બનાવી નાખ્યા."

રત્નકંબલોના પગલુછણિયાં !!! રાજા શ્રેણિકના આશ્ચર્યનો પાર ના રહ્યો. એમણે ખુશ થઈને શાલિભદ્ર શેઠને પોતાના દરબારમાં આવવા આમંત્રણ આપ્યું. તેઓ સંપત્તિના આ મહાન સ્વામીને જોવા માંગતા હતા. રાજાના આમંત્રણનો જવાબ વાળતા ભદ્રા શેઠાણીએ કહ્યું, "મારો પુત્ર કદી હવેલીની બહાર નીકળ્યો નથી. આપનું બાળક સમજી વડીલ તરીકે આપ ઘરે પધારશો તો અમે પાવન થઈશું."

**"જ્યાં સુધી પોતાને કોઈ પણ બીજા માણસની પરાધીનતા હોય, ત્યાં સુધી બધું સુખ એ નામનું જ સુખ છે, સુખ તો તેનું નામ કે જેમાં કોઈની કશી ડખલ ન હોય."**

રાજા શ્રેણિક મોટા દિલના હતા. તેમણે ભદ્રા શેઠાણીની વાત સ્વીકારી અને તેમને ત્યાં પધાર્યા. ભદ્રા શેઠાણી જ્યારે ઉપરના માળ ઉપર બેઠેલા પુત્રને બોલાવવા ગયા ત્યારે પુત્રે કહ્યું, "મા, એમને જે જોઈએ એ આપીને ખુશ કરો. એમાં મને શું કામ બોલાવો છો ?"

"પણ બેટા, એ તો આપણા સ્વામી છે, રાજા છે. આપણું સારું-નરસું કરવાના અધિકારી છે. તારે સામે ચાલીને એમનો સત્કાર કરવો જોઈએ."

"સ્વામી !!!" શબ્દ સાંભળી શાલિભદ્રને આંચકો લાગ્યો. "મારે માથે કોઈ સ્વામી છે ? આટલો બધો વૈભવ હોવા છતાંય હું પરાધીન છું ?" આ વિચારીને શાલિભદ્રનું મન ઉદાસ થઈ ગયું. એને થયું "જ્યાં સુધી પોતાને કોઈ પણ બીજા માણસની પરાધીનતા હોય, ત્યાં સુધી બધું સુખ એ નામનું જ સુખ છે, સુખ તો તેનું નામ કે જેમાં કોઈની કશી ડખલ ન હોય." તે કમને રાજા પાસે આવ્યો અને નમસ્કાર કરી તરત ઉપર ચાલ્યો ગયો. પરંતુ તેના મનમાં આ વાતનો ડંખ રહી ગયો.

એ જ અરસામાં નગરમાં ધર્મઘોષ મુનિ પધાર્યા. એમણે રાજાના પણ રાજા થવાનો મુનિમાર્ગ દર્શાવ્યો. શાલિભદ્રના દિલમાં આ વાત ઉતરી ગઈ. તેઓ માતા પાસે દીક્ષા લેવાની પરવાનગી લેવા આવ્યા. માતાએ એને સલાહ આપી, "બધી વસ્તુઓને તું એકદમ ત્યાગવા જઈશ તો નાહક દુઃખી થઈશ. તેના કરતાં તું રોજ થોડી થોડી વસ્તુઓનો ત્યાગ કરી ટેવાતો જા. ત્યાર બાદ કઠોર જીવનનો પૂરતો પરિચય થયા પછી બધું ત્યાગી દેજે."

શાલિભદ્ર ધીમે ધીમે અલૌકિક સંપત્તિ તરફ જવા માટે તૈયાર થવા લાગ્યા. એવી સંપત્તિ જેને કોઈ રાજા કે ચક્રવર્તી છીનવી ના શકે.

...ક્રમશઃ

# મીઠી યાદેં

એકવાર નીરુમા એક બ્રહ્મચારી ભાઈ સાથે વોક લઈ રહ્યા હતા. અચાનક એમણે એ ભાઈને કહ્યું, "આપણને તો કટકો રોટલો અને ચટણી ખાવા મળે તો પણ અહીંયા પડી રહેવું." એ વખતે તો પેલા ભાઈએ નીરુમા સાથે કોઈ સવાલ-જવાબ કર્યા નહીં. એમને થયું, 'નીરુમાને યોગ્ય લાગ્યું હશે એટલે મને આમ કહ્યું હશે.'

પણ ત્યાર પછી એ ભાઈની અંદર વિચારણા ચાલુ થઈ ગઈ કે નીરુમાએ મને આમ કેમ કહ્યું હશે ? પછી એમને ખ્યાલ આવ્યો કે ઘણી વાર જમતી વખતે એમને એવું ઊભું થતું કે 'આ ભાવ્યું, આ ના ભાવ્યું'. એમણે ક્યારેય પોતાનો ગમો-અણગમો જાહેર નહોતો કર્યો. તેમ છતાંય નીરુમા સાથે બેઠા હોય તો એમને બધો જ ખ્યાલ આવી જતો.

તે દિવસથી એ ભાઈને 'ભાવતું-ના ભાવતું' બધું ગૌણ થઈ ગયું. એમનો નિશ્ચય પાક્કો થઈ ગયો કે કટકો રોટલો અને ચટણી મળશે તો પણ તેઓ નીરુમાની સાથે જ રહેશે.

એવામાં ત્યાં રસોઈના મહારાજ બદલાયા. આ ભાઈને સવારે વહેલા નોકરી માટે નીકળી જવું પડતું. મહારાજ બદલાયા પછી, આ ભાઈનું સવારે ટિફિન તૈયાર કરવાનું રહેશે એ વાત રસોડામાં કોઈને ખ્યાલમાં રહી નહીં. ઘણા દિવસો સુધી આમનું આમ જ ચાલ્યું. એ ભાઈએ પણ કોઈને ટિફિન તૈયાર કરી આપવાનું કહ્યું નહીં.

નીરુમાને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે એમણે તરત જ જવાબદાર બહેનોને બોલાવીને ખખડાવી, "આ છોકરો આટલા દિવસથી બપોરે ભૂખ્યો રહે છે, તમને ખ્યાલ પણ નથી આવતો !" અને પછી એમણે એ ભાઈ માટે ટિફિનની બધી વ્યવસ્થા કરી આપી.

ભાઈને પણ પોતાની ભૂલ સમજાઈ કે વાત નીરુમા સુધી પહોંચે એ પહેલા જ એમણે કોઈની પાસે ટિફિન માટે માંગણી કરી લેવાની હતી. પણ નીરુમાએ એમની જરાય ભૂલ ન કાઢી. ઉપરથી એમની એડજસ્ટમેન્ટ લેવાની શક્તિ પર રાજી થયા.




**આમ નીરુમા એમની સાથે રહેનારા સૌની પૂરેપૂરી કાળજી અને સંભાળ રાખતા.**

# દિવાળી વેકેશન દમિયાન BMHT અને LMHT ના બાળકો માટે યોજાયેલ ફ્યુઝનના ફોટાઓ



## પઝલના જવાબો

૧.




૨.



તમારી જાતને ચકાસી જુઓ !નો જવાબ :-૧. હા, ૨. ના, ૩. હા, ૪. હા, ૫.ના


Akram Express

December 2014
Year : 7, Issue : 4
Conti. Issue No.: 76

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 31-12-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

## ગાંધીધામમાં ઉજવાયેલી પરમ પૂજ્ય દાદાશ્રીની ૧૦૭મી જન્મજયંતિ મહોત્સવનો શુભારંભ કલ્ચર ડાન્સની એક ઝલક













<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.